શ્રી જે બી પ્રાથમિક સ્કૂલ ખાતે વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં વર્ષભર કરવામાં આવેલી સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં સફળતા પ્રાપ્ત કરનારા ૯૪૬ જેટલા વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપી તાજેતરમાં નવાજવામાં આવ્યા હતા. સમગ્ર શાળા પરિવાર વતી આચાર્ય નીવાબેન પટેલે આ વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

સી એમ પટેલ કૉલેજ ઑફ નર્સિંગના પોસ્ટ બોઝિક બીએસસી નર્સિંગના પહેલા વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા 'હેલ્થ અવેરનેસ ઍન્ડ પ્રિવેન્શન ઑફ ડિસીઝ' વિષયે સિવિલ હૉસ્પિટલ ઓપીડીમાં પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શનમાં મેલેરિયા, કોરોના વાઈરસ, સ્વાઈન ફ્લુ વગેરે રોગો અંગે જાગૃતિ અને સલામતીનાં પગલાં વિશે તથા 'કાંગારૂ મધર કેર' વિષયે પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શન અંગે માર્ગદર્શન કૉલેજનાં શ્વેતા ચૌધરી અને સ્નેહલ પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું.

શ્રી માણેકલાલ એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયંસિસ એન્ડ રિસર્ચ, સેક્ટર-૨૩, ગાંધીનગરના કેમિસ્ટ્રિ ડિપાર્ટમેન્ટ દ્વારા નેશનલ સાયન્સ ડે ઉજવવામાં આવ્યો હતો. કોલેજ દ્વારા "સ્પેક્ટ્રમ ૨૦૨૦"નું આયોજન કરાયું હતું, જેમાં એક્ષ્પર્ટ ટોક અને ક્વિઝ કોમ્પિટિશનનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સંસ્થાના આચાર્ય ડો. કેયૂર શાહ દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. એક્ષ્પર્ટ ટોક માટે પ્રોફેસર માન સિંઘ (ડીન, સ્કૂલ ઓફ કેમિકલ સાયંસિસ, સીયુજી), ડો. ગુરુદત્ત ગૌર (ડીન, ઈંડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાંસ રિસર્ચ) તેમજ ડંકેશ ઓઝા (રિટાયર્ડ જોઈન્ટ સેક્ટરી, ગુજરાત સરકાર)એ પોતાની સેવાઓ આપી હતી.

જન્મદિને વધામણી



સી.એલ. મહેતા
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૦૧૬૩ ૨૮૦૨૨

ભવ્યરાજ
નરેશકુમાર પરમાર

જલ્પા જે શાહ
મો. ૯૮૨૪૫ ૪૩૧૦૧

શ્રી રૂપાલ કેળવણી મંડળ સંચાલિત

શ્રી વરદાયિની હાઈસ્કૂલમાં ઈનામ વિતરણ સમારોહ

ગાંધીનગર, તા. ૨૯

શ્રી રૂપાલ કેળવણી મંડળ સંચાલિત શ્રી વરદાયિની હાઈસ્કૂલ, રૂપાલ ખાતે ધોરણ-૧૨ અને ૧૦માં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા અને ધોરણ-૧થી ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમારોહના અધ્યક્ષ તરીકે દાતા પરિવારના શૈલેષભાઈ ડી પટેલ, મુખ્ય મહેનાન તરીકે વરિષ્ટ સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

તેમના ઉપરાંત કેળવણી મંડળના પ્રમુખ હસમુખભાઈ પટેલે વિદ્યાર્થીઓને શુભાશિષ પાઠવ્યા હતા. ઉપપ્રમુખ ડાહ્યાભાઈ પટેલે સંસ્થાનો પરિચય આપ્યો હતો. ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ મુકેશભાઈ પટેલે વિદ્યાર્થીઓને પરીક્ષાઓ માટે શુભકામના પાઠવી હતી. ડૉ. પી આર ચૌધરીએ અતિથિઓનો પરિચય આપ્યો હતો. શાળા પરિવાર વતી વિદ્યાર્થીઓને એ આર સોલંકી દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

કાર્યક્રમનું સંચાલન અશ્વિનભાઈ પટેલ અને જયદેવસિંહ ઝાલા દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ રાજેશભાઈ ખરાડીએ કરી હતી.

રાષ્ટ્રિય માનસીક આરોગ્ય પ્રોગ્રામ જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલના અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજિત દીવાયન યોગા નેચરોપેથી સેન્ટરમાં માનસીક રોગોની માહિતી અંગે સેમીનાર યોગા નેચરોપેથી સેન્ટ સેકટર - ૭ ખાતે યોજવામાં આવ્યો હતો.

આ ઉપક્રમમાં ૧૨૫ જેટલા યોગા પ્રશિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ડૉ. નુરિન ચૌધરી, સાયલોજીસ્ટ, માનસીક વિભાગ, જનરલ હોસ્પિટલ,ગાધીનગર દ્વારા પ્રર્વતમાન માનસિક તાણના યુગમાં સરળતાથી જીવન જીવવા અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કાનજીભાઈ બાવરી દ્વારા યોગ નિદર્શન કરવામાં આવ્યું હતું. લાઈફ કોચ ચિરાગ જાની દ્વારા મનને જીતવા અંગેની ટિપ્સ આપવામાં આવી હતી.

મહર્ષિ અત્રિ પ્રાથમિક શાળાનો વિદ્યાર્થી ટેક્વોન ડો સ્પર્ધામાં રાષ્ટ્રકક્ષાએ ઝળક્યો

ગાંધીનગર, તા. ૨૯

મહર્ષિ અત્રિ પ્રાથમિક શાળાના વિદ્યાર્થી મહેન્દ્ર ધનાભાઈ ભાટીએ ટેક્વોન ડોની રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં ભાગ લઈને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. કોચ પાર્થ વિમલેશભાઈ પટેલના માર્ગદર્શનમાં મહેન્દ્રએ આ સિદ્ધિ હાંસલ કરી હતી. સમસ્ત શાળા પરિવાર તરફથી મહેન્દ્રને આ સિદ્ધિ બદલ બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા બાળકોની આરોગ્ય તપાસ

ગાંધીનગરની ખ્યાત સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાનાં દેવરણના મુવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે વાસણા સોગઠી, રાધાકુઈ, રામપુરા પ્રાથમિક શાળાનાં બાળકોની આરોગ્ય ચકાસણી કરી જરૂરી દવા આપી હતી. કલ્પતરુ દ્વારા પ્રાયોજિત આ કાર્યક્રમમાં ડૉ. ચિતણીયા, ડૉ. બોધાણી, મિલિન્દભાઈ અને યોગેશભાઈએ પોતાની સેવાઓ આપી હતી.

રેડિયન્ટ સ્કૂલના તારલાઓ શિષ્યવૃત્તિ પરીક્ષામાં ઝળક્યા

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવેલી પરીક્ષામાં વિદ્યાર્થીઓએ સફળતા મેળવી

ગાંધીનગર, તા. ૨૯

સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સના કેટલાક વિદ્યાર્થીઓ ડિસેમ્બર ૨૦૧૯માં રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા લેવામાં આવેલી માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પરીક્ષામાં રેડિયન્ટ સ્કૂલના ૩ વિદ્યાર્થી - ઋત્વી દિનેશભાઈ કળસરિયા, પ્રાચી યજ્ઞેશભાઈ વ્યાસ અને હેત જયેશભાઈ અખાણીએ જ્વલંત સફળતા પ્રાપ્ત કરી મેરિટમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ત્રણેય વિદ્યાર્થીઓની આ શૈક્ષણિક સિદ્ધિ બદલ સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ તેમને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

જીટીયુ દ્વારા કલોલ ઈન્સ્ટીટ્યુટમાં ટેકફેસ્ટ

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત ટેકનોલૉજી યુનિવર્સિટી દ્વારા ટેકફેસ્ટનો કાર્યક્રમ કલોલ ઈન્ટીટ્યુટ ઑફ ટેકનોલૉજી ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે એ કે પટેલ, ગીતાબેન પટેલ, પરીન પટેલ, ચેતન વોરા, મિતેષ પોપટ અને એમ કે કરકરે અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે સરસ્વતી વંદના દિશા ઠક્કર દ્વારા, સ્વાગત પ્રવચન કેઆઈઆરસી કેમ્પસના ઍન્જિનીયરિંગ કૉલેજના પ્રિન્સિપાલ મિતેશ પોપટ દ્વારા આપવામાં આવ્યું હતું. ૩૯ જેટલી વિવિધ ઈવેન્ટ્સ ધરાવતા આ કાર્યક્રમમાં ૫૮ કૉલેજીસના ૩ હજાર જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમ અંતર્ગત કોમ્પ્યુટરની ડેશટર, કોડ ક્વીસ્ટ, કોડ સ્ટોર્સ, ડીઝાઈન ઓર ડ્રીમ્સ, માસ્ટર એપ, વેબેથોન ઈવેન્ટનો સમાવેશ થાય છે. સીવીલ બ્રાંચની બ્રેકઅપ બ્રીજ, લાઈફ ઓફ પાઈલ, ટ્રાફિક,અટીફીકા, કોલરેક્સ, ફાર્મસી ઈન્સ્ટીટ્યુટ તરફથી ફાર્મા સ્કેચ, પોસ્ટર પ્રેઝન્ટેશન, ફાર્મા ઈન્ટરપ્રીનર, ફાર્મા ડીબેટ, મીકેનીકલ વિદ્યાર્થીઓ માટે કેડ કેકર, જેકયાર્ડ વોરસ, હાઈડ્રાયુલીક આર્મ, રોબોટીકસની પણ ડેથરેસ, ડેઝ હન્ટર, રોબો ક્રિકેટ, અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે રિસર્ચ પબલીશ, યુરેકા મોમેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સૌ વિદ્યાર્થીઓ માટે ફન ગેમ અને વન મિનીટ ગેમ પણ યોજવામાં આવી હતી.